# શહેરમાં ઠંડીમાં વધારો : પારો ૧૪.૫ ડિગ્રી

## અગામી બે દિવસમાં ઠંડી વધવાના સાફ સંકેતો : નલિયામાં પારો ૧૦થી પણ નીચે : તીવ્ર ઠંડીનો ચમકારો : સવારે ઠંડા પવનો ફુંકાતા લોકો ગરમ વસ્ત્રોમાં જોવા મળ્યા



ગાંધીનગર, તા.૨૫

ચાર-પાંચ દિવસ ઠંડીમાં રાહત રહ્યા બાદ ગઈકાલ સાંજથી ફરીથી ઠંડી વધી રહી છે. લઘુત્તમ તાપમાન એક જ દિવસમાં બે ડિગ્રી જેટલું ઘટતા ઠંડી વધી હતી.

ડિસેમ્બર માસના મધ્યે ગાંધીનગરમાં ઠંડી વધી હતી. લઘુત્તમ તાપમાન છેક ૧૧ ડિગ્રીએ પહોંચી જતાં વસાહતીઓ ઠંડીમાં થથર્યા હતા. જો કે છેલ્લા ચાર-પાંચ દિવસથી ઠંડીમાં ઘણી રાહત રહી હતી. લઘુત્તમ તાપમાન ૧૬-૧૭ ડિગ્રીની નજીક પહોંચી જતાં એક તબક્કે તો ગરમી લાગતી હતી. દિવસે બફારો અનુભવાતો હતો. લોકોને ગરમ વસ્ત્રો પહેરવામાંથી મુકિત મળી હતી. જો કે ગઈકાલથી ઠંડા પવનો પુનઃ શરુ થઈ ચુકયા છે. જેના પરિણામે લઘુત્તમ તાપમાન એક જ દિવસમાં બે ડિગ્રી જેટલું ગગડયું હતું. લઘુત્તમ તાપમાન ૧૪.૫ ડિ.સે. જેટલું નોંધાયું હતું જે આગલા દિવસે ૧૬ ડિગ્રી હતું. મહત્તમ તાપમાનમાં પણ ઘટાડો નોંધાયો છે. મહત્તમ તાપમાન ૨૯ ડિ.સે. પહોંચ્યું હતું. આગામી દિવસોમાં ઠંડી પુનઃ પોતાનું જોર દેખાડશે તેવી આગાહી વ્યકત કરવામાં આવી છે.

ગાંધીનગર સહિત રાજ્યમાં ઠંડીના પ્રમાણમાં વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. અગામી બે દિવસના ગાળા દરમિયાન ઠંડીના પ્રમાણમાં બેથી ત્રણ ડિગ્રી સુધીનો ઘટાડો થઈ શકે છે. આજે નલિયામાં લઘુત્તમ તાપમાન ઘટીને ૯ ડિગ્રી થયું હતું. જ્યારે અમદાવાદમાં પારો ૧૬.૨ ડિગ્રી રહ્યો હતો. ભુજમાં લઘુત્તમ તાપમાન ૧૧ ડિગ્રી રહ્યું હતું. દેશના જુદા જુદા ભાગોમાં કાંતિલ ઠંડી અને ધુમ્મસની સ્થિતિ જોવા મળી રહી છે ત્યારે ગુજરાતમાં પણ સવારમાં લઘુત્તમ તાપમાનમાં ઘટાડો જોવા મળી રહી છે. ઠંડા પવનો પણ ફુંકાઈ રહ્યા છે. અમદાવાદ સહિત ગુજરાતભરમાં ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. સૌરાષ્ટ્ર-કચ્છ અને ખાસ કરીને ભાવનગર, ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠામાં લોકો વધારે ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. કોલ્ડવેવની ચેતવણી જારી કરવામાં આવી નથી. આજે નલિયામાં ૯ અને ગાંધીનગરમાં ૧૪.૫ સુધી પારો પહોંચ્યો હતો. આજે અમદાવાદ શહેરમાં લઘુત્તમ તાપમાન ૧૬.૨ ડિગ્રી થઈ ગયું હતું. જ્યારે ડીસામાં પારો ૧૩.૬ રહ્યો હતો.

# હવે ગુજરાતમાં પણ થ્રિ લેયર ટ્રાફિક સિસ્ટમ જોવા મળશે

## સનાથલ સર્કલ પર ૨૩૫ કરોડના ખર્ચે બ્રિજનુ નિર્માણ થશે

ગાંધીનગર તા ૨૫

ગુજરાતમાં પ્રથમવાર ટ્રાફિકની થ્રિ લેયર મુવમેન્ટ જોવા મળશે. અલબત્ત રાજયમાં પ્રથમવાર સનાથલ સર્કલ પર ડબલ ડેકર એકસ્ટ્રા ડોઝ બ્રિજ તૈયાર કરાશે. આ વિસ્તારમાં ટ્રાફિકની અવરજવર સરળ બનાવવા માટે હાલ ઔડા ઓથોરીટી દ્વારા એક બ્રિજ તૈયાર કરવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે ટુંક સમયમાં નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા બ્રિજ પર નવો બ્રિજ તૈયાર કરાશે.આ બ્રિજના નિર્માણ પાછળ અંદાજિત રૂ ૨૩૫ કરોડનો ખર્ચ કરાશે.

થ્રિ લેયર ટ્રાફિકની અવરજવર મોટાભાગે વિદેશના દેશોમાં કોમન છે. જયારે હવે ગુજરાતમાં પણ આ પેટર્ન મુજબ રોડનેટવર્ક વિકસાવવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. માર્ગ વાઈડનીંગ માટે હવે ખુલ્લી જગ્યા રહી નથી જેના લીધે દબાણો દુર કરાયા બાદ પણ વધતા વાહનોની સંખ્યાના લીધે માર્ગો પર ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. જેના લીધે હવે રાજયમાં રોડ નેટવર્કની પેટર્ન બદલાઈ રહી છે. રોડ નેટવર્ક સહીત ઈન્ફાસ્ટ્રકચરના કામો હવે આગળના તબક્કામાં જઈ રહ્યા છે. સનાથલ સર્કલ પર હાલ ઔડા દ્વારા બ્રિજ નિર્માણનુ કામ હાથ ધરાયુ છે. આ વિસ્તારમાં આમ પણ ટ્રાફિકની અવરજવર વધતા ચક્કાજામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. જેના લીધે આ બ્રિજ તૈયાર કરવામાં આવી રહ્યો છે. જયારે નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા પણ આ બ્રિજ પર નવા બ્રિજનુ નિર્માણ કરાશે. જેના લીધે સનાથલ વિસ્તારમાં આગામી દિવસોમાં ટ્રાફિકનો સિનારીયો બદલાશે. થ્રિ લેયર સિસ્ટમ મુજબ ટ્રાફિકની અવરજવર જોવા મળશે.

# ડીસાના ભેળસેળ કરતા ત્રણ વેપારીઓ દંડાયા

## જિલ્લા અધિક કલેકટર દ્વારા કડક કાર્યવાહી

ડીસા સહિત સમગ્ર જિલ્લામાં ખાદ્ય વસ્તુઓમાં ભેળસેળ કરી લોકોનાં આરોગ્ય સાથે ચેડાં કરતાં વેપારીઓના ફૂડ વિભાગ દ્વારા સેમ્પલ લઈ ચકાસની અર્થે મોકલાયા હતા લેબ પરીક્ષણમાં તેમના સેમ્પલ વાંધાજનક જણાઈ આવતા તંત્ર દ્વારા ૧૧.૪૬ લાખ જેટલો દંડ ફટકાર્યો હતો જેમાં ડીસાના પણ ત્રણ વહેપારીઓનો સમાવેશ થાય છે તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરતા અન્ય ભેળસેળ કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો તેમાંય ડીસા માં અનેક વેપારીઓ ખાદય ચીજોમાં મોટાપાયે ભેળસેળની પ્રવૃતિ ઘણા વર્ષોથી કરે છે જેથી જન આરોગ્ય જોખમાય છે જો ફૂડ વિભાગની આ મામલે તટસ્થ તપાસ થાય તો ડીસામાંથી મોટાપાયે ભેળસેળ નું નેટવર્ક બહાર આવી શકે તેમ છે તેમજ જિલ્લાની ભોળી પ્રજાના આરોગ્ય સાથે ચેડાં કરતા તત્વોને બોધપાઠ ભણાવી શકાય તેમ છે જિલ્લા અધિક કલેકટર દ્વારા દંડ ફટકારવામાં આવ્યો તેમાં મોટા ભાગના ડીસાના જ ભેળસેળીયા વેપારીઓ હોવાનું સામે આવ્યું છે જેમાં

ચિરાગ ખેમચંદભાઈ મોદી, તથા ભાવેશ અરવિંદભાઈ મોદી અને મેહુલ પરેશભાઈ ચોખાવાલાનો સમાવેશ થાય છે.



**ડીસા ધારાસભ્ય તીડ પ્રભાવિત વિસ્તારોની મુલાકાતે**

સમગ્ર બનાસકાંઠામાં છેલ્લા ઘણા દિવસોથી તીડોનુ આક્રમણ થયુ છે જેણે ખેડૂતોના ઉભા પાકને ભારે નુકશાન કર્યું છે ડીસા તાલુકામાં પણ તીડોના ઝુંડે વિનાશ વેર્યો છે પણ કંસારી, ઝેરડા તથા બાઈવાડા ખાતે વધારે નુકશાન કર્યું છે આવા કપરા સમયે ડીસાના ધારાસભ્ય શશીકાન્ત પંડ્યાએ આ વિસ્તારની મુલાકાત લઈ ખેડૂતોને મળ્યા હતા તથા ખેતરમાં થયેલા નુકસાનનું જાત નિરીક્ષણ કરી આ મામલે સરકારમાં રજુઆત કરી વળતર મળે તે માટેના પ્રયત્નો કરી અચાનક આવેલી આફતમાં સરકાર સહાયતા કરે તેવી રજુઆત કરવાની ખાત્રી આપી હતી.



પાલનપુર બાર એસોસિએશન ની ચૂંટણીનું પરિણામ જાહેર થયું જેમાં પ્રમુખ તરીકે ઈદ્રીશખાન પઠાણ,ઉપપ્રમુખ તરીકે ધર્મેન્દ્રભાઈ સોનગરા વિજેતા જાહેર થયા છે અને ૦૯ ઉમેદવારો બિનહરીફ જાહેર થયા છે જેમાં મંત્રી તરીકે રાહુલકુમાર સોની,સહમંત્રી-અંકુરભાઈ જોશી, ખજાનચી-નિર્મલકુમાર રાવલ જાહેર થયા છે.ચૂંટણી કમિશનર તરીકે દિનેશભાઈ મકવાણા અને ચૂંટણી મદદનીશ પ્રકાશભાઈ ધારવા,પૂર્ણિમાબેન કુશવાહા,ભરતસિંહ રાજપૂત, મુકેશભાઈ શ્રીમાળી,કેશાભાઈ સોલંકી એ ઉત્કૃષ્ઠ કામગીરી કરી હતી.

# પાલનપુરમાં થેલીને ચેકો મારી રૂપિયા ૨ લાખની ચોરી

પાલનપુરના એક ગૃહસ્થે તેમની માતાની સારવાર માટે દેનાબેંકમાંથી રૂપિયા પાંચ લાખ ઉપાડ્યા હતા. જે નાણાં લઈને ઘરે જઇ રહ્યા હતા. તે દરમિયાન કોઇ ગઠિયો થેલીને ચેકો મારી રૂપિયા બે લાખની ચોરી કરી હતી. આ અંગે તેમણે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પાલનપુરની સત્યમપાર્ક સોસાયટી ખાતે રહેતા શૈલેષભાઈ હરગોવનભાઈ ભેડા ના માતા બિમાર હોવાથી તેણીની સારવાર કરાવવા માટે દેનાબેંકમાંથી રૂપિયા ૫ લાખ ઉપાડયા હતા. જે એક થેલીમાં મુકીને ઘરે જવા નીકળ્યા હતા.

દરમિયાન તેમના પિતાની પૂણ્યતિથિ હોવાથી ગુરૂનાનક ચોકમાંથી ફૂલહાર લઈ ઘરે પહોચ્યા હતા. જ્યાં જોતા થેલીને ચેકો મારેલો હતો. અને અંદર રૂપિયા બે લાખ ઓછા હતા. આમ, કોઈ અજાણ્યો શખ્સ થેલીને ચેકો મારી નાણાંની ચોરી કરી ગયો હતો. આ અંગે તેમણે પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે અજાણ્યા શખ્સ સામે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**બનાસકાંઠા એસીબીની ટીમે**

# અમદાવાદના ડેપ્યુટી એન્જિનિયરને રૂપિયા ૧ લાખની લાંચ લેતા ઝડપ્યા

## અમદાવાદ હાઉસિંગ વિભાગમાં મકાન અપાવવા ડે. સિટી એન્જિયરે રૂપિયા ૫ લાખની લાંચ માંગી હતી

પાલનપુર, તા.૨૫

બનાસકાંઠા એસીબીની ટીમે અમદાવાદ હાઉસિંગ વિભાગના ડે. એન્જિનિયર (ટ્રાફિક)ને સરકારની ઈકોનોમીકલી વિકર સેકસન હેઠળ ફાળવવામા આવતા આવાસ અપાવવા માટે લાભાર્થી પાસેથી રૂપિયા એક લાખની લાંચ લેતાં રંગે હાથ ઝડપી લીધો હતો. જેની સામે અમદાવાદ ખાતે ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવતાં લાંચિયા કર્મચારીઓમાં ફફડાટ પ્રસરી ગયો છે.

બનાસકાંઠા એસીબીની ટીમે અમદાવાદ હાઉસિંગ વિભાગના ડે. એન્જિનિયર (ટ્રાફિક)ને એક લાખની લાંચ લેતાં રંગે હાથ ઝડપી લીધો હતો. આ અંગે બનાસકાંઠા એસીબી પીઆઇ કે. જે. પટેલે જણાવ્યું હતુ કે, ફરિયાદીએ સરકારની ઈકોનોમીકલી વિકર સેકસન હેઠળ ફાળવવામા આવતા આવાસ મેળવવા માટે જરૂરી દસ્તાવેજ સાથે અમદાવાદ હાઉસીંગ વિભાગ માં અરજી કરેલી હતી. અરજી કર્યા બાદ આવાસની ફાળવણી ના થતાં ફરીયાદીએ હાઉસીંગ બોર્ડની ઓફીસમાં તપાસ કરવા ગયા હતા. ત્યારે ડે. સિટી એન્જિનિયર (ટ્રાફિક) સોલંકી મનોજકુમાર જયંતિલાલ ફરીયાદીને હાઉસીંગ બોર્ડની ઓફીસે મળેલા અને પોતાની ઓળખાણથી તેઓ આ કામ કરાવી શકે છે તેવુ જણાવી રૂપિયા ૫,૦૦,૦૦૦ ની લાંચની માંગણી કરી હતી. જે પેટે ફરીયાદીએ રૂપિયા ૨,૫૦,૦૦૦ આપી દીધા હતા. પરંતુ કામ થયેલું ના હોવાથી ફરીયાદીના ફોન ઉપાડવાના બંધ કર્યા હતા. ત્યારબાદ થોડા ટાઈમ પછી ફરીયાદીનો સંપર્ક કરી રૂપિયા ૮,૦૦,૦૦૦ની લાંચની માંગણી કરી હતી. આ અંગે તેમણે બનાસકાંઠા એસીબી નો સંપર્ક કરતાં લાંચના છટકાનું આયોજન કરાયું હતુ. જયાં ઉપરોકત માંગેલ લાંચ પૈકી રૂપિયા ૧,૦૦,૦૦૦ની લાંચ સ્વિકારતાં રંગે હાથ ઝડપાઈ ગયો હતો. આ અંગે ભૂજ બોર્ડર એકમ મદદનીશ નિયામક કે. એચ. ગોહિલના સુપરવિજન હેઠળ અમદાવાદ ખાતે ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેના પગલે લાંચિયા કર્મચારીઓમાં ફફડાટ પ્રસરી ગયો છે.

# પાલનપુરની ખાનગી નર્સીંગ કોલેજના સંચાલક દ્વારા ૬૦ છાત્રાઓ સાથે છેતરપીંડી

## શિષ્યવૃતિના રૂપિયા ૫૪,૦૦૦ ચાઉ કરી જતાં પોલીસ મથકે ફરિયાદ

પાલનપુર

પાલનપુરમાં ખાનગી નર્સિંગ કોર્ષ ચલાવતાં શખ્સે કોલેજમાં અભ્યાસ કરતી સાઈઠ આદિવાસી છાત્રાઓની શિષ્યવૃતિ ચાઉ કરી તેમજ બેંગલોર ખાતે પરીક્ષાની ફી ન ભરી છેતરપીંડી કરતાં ચકચાર મચી જવા પામી છે. આ અંગે છાત્રાએ પાલનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે સંચાલકની સામે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુરની ખાનગી નર્સિંગ કોલેજના સંચાલકે વિદ્યાર્થીનીઓની શિષ્યવૃતિ હડપ કરી તેમના ભવિષ્ય સાથે પણ ચેડા કરતા આદિવાસી પરિવારોની દીકરીઓનું ભાવિ અંધકારમય બન્યું છે. પાલનપુર શહેરના વર્ધમાન શોપિંગ સેન્ટર માં આવેલ ઈ. એલ. એમ. સી નર્સિંગ કોલેજમાં ૫૦ થી વધુ આદિવાસી વિદ્યાર્થીનીઓએ પોતાના ઓરીજનલ એલ. સી, માર્કશીટ, સહિતના ડોક્યુમેટ રજૂ કરીને જનરલ મીડ ફાઈવટીના ત્રણ વર્ષના કોર્ષ માટે વાર્ષિક રૂ.૩૫ હજાર ભરીને એડમીશન મેળવ્યું હતું.

જેમાં સંસ્થાના સંચાલક નરેશ બોચિયા એ વિદ્યાર્થીનીઓને મળતી શિષ્યવૃતિની રકમ રૂપિયા ૫૪,૦૦૦ ચાઉં કર્યા હતા. તેમજ બેંગ્લોર ખાતે યોજાનાર નર્સિંગની પરીક્ષાની ફી જમા ન કરાવીને તેમના ભવિષ્ય સાથે પણ ચેડા કર્યા હતા. આ અંગે મૂળ દાંતા તાલુકાના રાણીકા ગામની વિદ્યાર્થીની જયાબેન દિલીપભાઈ તરાલે નર્સિંગ કોલેજના સંચાલક નરેશભાઈ દલાભાઈ બોચીયા વિરુદ્ધ પાલનપુર પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સુશાસન દિવસ નિમિતે પાલનપુરમાં યોજાયું ભવ્ય લાભાર્થી સંમેલન

## વિપરીત પરિસ્થતિમાં ઘરે ઘરે જઈને સરકારી યોજનાનો લાભ મેળવનાર ૩૦૦૦ લાભાર્થીનું સમ્મેલન ગુડ-ગવર્નન્સ ડે નિમિતે યોજાયું




આજ રોજ ૨૫ ડીસેમ્બર શ્રી અટલ બિહારી બાજપેઈજીની જન્મ જયંતી નિમિતે સરકાર રોજ ગુડ-ગવર્નન્સ ડે તરીકે ઉજવાતી હોય છે.આજ રોજ પાલનપુર મુકામે સદભાવના ગ્રુપ ટ્રસ્ટ દ્વારા ખાસ સરકારી લાભાર્થીઓ કે જેમણે પ્રતિકુળ પરિસ્થિતિમાં સદભાવના ગ્રુપ ટ્રસ્ટના યુવાનો દ્વારા સરકારી યોજનાનો લાભ મેળવ્યો છે અવ ખાસ લાભાર્થીઓ જેવાકે હાર્ટ-એટેક આવતા આઈ.સી.યુમાં સદભાવના ગ્રુપ દ્વારા સીધા માં કાર્ડ મેળવી પોતાનો ઈલાજ સરકાર શ્રી દ્વારા નિશુલ્ક કરાવ્યો છે આવા લાભાર્થીઓ, વિધવા સહાયની બહેનો જેમને ઘરે બેઠા વિધવા સહાયનો લાભ સદભાવના ગ્રુપે અપાવ્યો છે એવી બહેનો.અનાથ બાળકોનો સર્વે કરી ઘરેજ સીધો પલક માતા-પિતા યોજનાનો લાભ અપાવી તેમના ખાતામાં સરકારશ્રી દ્વારા દર મહીને રૂપિયા ત્રણ હજારનો લાભ મળતો કરાવ્યો છે એવા બાળકો. વૃદ્ધ પેન્સન યોજનાના લાભાર્થીઓ અને ખાસ ડ્રાઈવિગ લાઈસન્સ કેમ્પમાં લાઈસન્સ પ્રાપ્ત કરનાર ત્રણ હજારથી પણ વધુ લાભાર્થીઓ આજ રોજ ઉપસ્થિત રહી તેમના સરકારી લાભાર્થી દસ્તાવેજો મેળવ્યા હતા.

આજ રોજ આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ભાવનગરના ધારાસભ્ય અને પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ શ્રી જીતુંભાઈ વાઘાણી, શ્રી કે. સી પટેલ શ્રી, જાણીતા મોટીવેશનલ સ્પીકર શ્રી જય વસાવડા ઉત્તર ગુજરાત યુનીવર્સીટીના વાઈસ ચાન્સિલર શ્રી ડો. અનીલ જે નાયક, શ્રી મગનભાઈ માળી શ્રી દિનેશ અનાવાડીયા, શ્રી માવજીભાઈ દેસાઈ, શ્રી ભારતસિહ ભટેસરિયા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન હરેશભાઈ ચૌધરી અને સદભાવના ગ્રુપના સૌ યુવાનોએ કર્યું હતું.

### પોપરલીક કૌભાંડ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તે સમયે પ્રવિણદાન અને ફકરૂદિને સાથે મળી પ્રવિણદાનના મોબાઈલ ફોનમાં આ પેપરનો ફોટો ગ્રાફ પાડયો હતો. ત્યારબાદ પેપર ફકરૂદિને જે તે બંડલમાં પરત મુકી દીધુ હતુ અને ટ્રસ્ટીની ઓફિસમાંથી બહાર નીકળી ગયા હતા. જયારે વિજેન્દ્ર પણ એમ.એસ.સ્કુલએથી નીકળી પોતાના સેન્ટર ખાતે પરિક્ષા આપવા માટે નીકળી ગયા હતા. પ્રવિણદાન એમ.એસ.સ્કુલ ખાતેથી પેપર નીકાળી ગુજરાત યુનિવર્સિટી પાસે ગયા હતા. જયા લખવીંદરસિંગ ગુરૂનામસિંગ સીધુ હાજર હતો. પ્રવિણદાને પેપર અંગે દિપક જોશીને પાલીતાણા ખાતે રહેતા રામભાઈ ગઢવીનો સંપર્ક કરવા જણાવ્યું હતું.તે પેપર મેળવવા માટે પ્રવિણદાન સાથે સતત સંપર્કમાં હોવાથી બંન્ને એ સાથે મળીને રામભાઈ ગઢવીને તેમજ અન્ય વ્યકિતઓ તેમજ ઉમેદવારોને મોબાઈલ ફોન મારફતે પેપરની વિગતો પહોંચાડી હતી. બિન સચિવાયલ પેપરલીક કૌંભાડમાં આ તમામ આરોપીઓએ મળીને ગુનાહીત કાવતરુ રચીને પોતે આર્થિક લાભ પણ મેળવેલ છે કે કેમ તે દિશામાં પણ તપાસ ચાલુ છે. ગાંધીનગર રેન્જ આઈજી મયંકસિંહ ચાવડા અને જિલ્લા એસપી મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ સતત એલસીબી, એસઓજી, સ્થાનિક પોલીસે તપાસ હાથ ધરતા ૬ આરોપીની અટકાયત કરી છે અને અન્ય એક આરોપી વોન્ટેડ છે જયારે હજુ આગળની કાર્યવાહી શરુ છે.

### છવાયેલો રહેશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બદલે શહેરીકરણને પ્રોત્સાહિત ના કરે તેવો પ્રસ્તાવ પણ પસાર કરવામાં આવ્યો તેમ મનાઈ રહ્યું છે.

પંચાયત પરિષદની બેઠકમાં આ ઉપરાંત પંચાયતી રાજ સંસ્થાના અન્ય પ્રશ્નો પર પણ ગંભીરતાથી ચર્ચા કરવામાં આવનાર હોઈ આ બેઠકનું મહત્વ વધી જાય છે.

દ્વારકા ખાતે મળનારી આ બેઠકને લઈ તૈયારીઓ પણ ચાલી રહી હોવાનું પંચાયત વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.

### સ્કૂલ પ્રવાસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શૈક્ષણિક પ્રવાસ રદ કરવા સુધીના પગલા લીધા છે. સામાન્ય રીતે ડિસેમ્બર મહીના દરમિયાન શાળા કક્ષાએથી સ્કુલ પ્રવાસનુ આયોજન કરવામાં આવે છે. પરંતુ છેલ્લા બે વર્ષ દરમિયાન પ્રવાસમા બનતી દુર્ઘટના અને અકસ્માતોના લીધે ગાંધીનગરની ઘણી શાળાના સંચાલકોએ પ્રવાસનુ આયોજન પડતુ મુક્યુ છે. અકસ્માતોના વિધ્ન સાથે વિદ્યાર્થીઓને પ્રવાસમાં લઈ જવાના નિયમો પણ સરકારે કડક કર્યા છે. તેવી સ્થિતિમાં સંચાલકો આ નિયમોની જફામાં પડવા માંગતા નથી. અને પ્રવાસ રદ કરીને એક દિવસ શાળા કક્ષાએ પાર્ટીનુ આયોજન કરી સેલીબ્રેટ કરવાના મુડમાં છે.

### પડકારોને

● અનુસંધાન પહેલાનું ચાલુ

જે લોકો સામાન્ય રીતે ઘાયલ થયા છે, જે લોકો તેમના પરિવાર પ્રત્યે મુશ્કેલી અનુભવી રહ્યા છે તેમને તેઓ સુચના આપવા માંગે છે. સરકારી સંપત્તિને નુકસાન પહોંચાડનાર લોકોને તેઓ કહેવા માંગે છે કે, વધુ સારા રસ્તાઓ, પરિવહનની સુવિધાઓને જાણવી રાખવાની દરેક વ્યક્તિની જવાબદારી છે. લખનૌમાં મોદીએ કહ્યું હતું કે, કલમ ૩૭૦ એ જુની બિમારી હતી. ખુબ મુશ્કેલ બિમારી હોવા છતાં અમે તે બિમારીને દુર કરી દીધી છે. અમારી ફરજ છે કે, મુશ્કેલથી મુશ્કેલ ચીજોને પણ સરળ કરવામાં આવે પરંતુ તમામ બાબતોને સાનુકુળ રીતે હાથ ધરવામાં આવી છે. તેમણે કહ્યું હતુંકે, હિંસા ફેલાવવા ઈચ્છુક લોકોની યોજનાઓ અધુરી રહી ગઈ છે. રામ જન્મ ભૂમિના જુના મામલાને શાંતિપૂર્ણ રીતે ઉકેલી દેવામાં આવ્યો છે. લાખો ગરીબો, વંચિતો માટે કામ કરવામાં આવી રહ્યા છે. નાગરિક કાનુન પર વાત કરતા તેમણે કહ્યું હતું કે, જે લોકો પોતાના ધર્મને બચાવવા માટે, પોતાની પુત્રીઓની ઈજ્જત બચાવવા માટે પાકિસ્તાન, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાનમાંથી ભારતની સરનમાં આવવા મજબુર બન્યા છે. તે લોકોને નાગરિકતા આપવામાં આવી રહી છે. તે લોકોને ગૌરવપૂર્ણ રીતે સન્માન આપવા નાગરિકતા આપવામાં આવી રહી છે. આ સમસ્યાનો ઉકેલ શોધી કાઢવા ૧૩૦ કરોડ ભારતીઓએ યોજના તૈયાર કરી છે.

મોદીએ કહ્યું હતું કે, આત્મવિશ્વાસ સાથે સજ્જ ભારત ૨૦૨૦માં પ્રવેશ કરે છે. નવા વર્ષમાં પણ અન્ય સમસ્યાઓને મજબુતી રીતે દુર કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, અમારી સરકાર માટે સુશાસનનો અર્થ તમામની સુનાવણી યોગ્ય રીતે કરવાનો છે. દરેક નાગરિક સુવિધા પહોંચે તે હેતુ રહેલો છે. તમામ અવસરો તમામને મળે તે રહેલો છે. દરેક દેશવાસી સુરક્ષાનો અનુભવ કરે તે મહત્વપૂર્ણ છે. સાથે સાથે સુવિધાઓ દરેક નાગિરકને મળે તે રાખવામાં આવી છે.

### નુકસાન થયું

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંગઠનના લોકોની બાબતને નજર અંદાજ ન કરવા માટે કહેવામાં આવ્યુ છે. મહારાષ્ટ્ર, છત્તિસગઢ અને હરિયાણમાં લાંબા સમયથી નેતા અને કાર્યકરોને કોઈ મહત્વ આપવામાં આવી રહ્યુ ન હતુ. હાઈ કમાનવ્ડ તરફથી ત્યાંના મુખ્યપ્રધાનોને કોઈ સલાહ અને આદેશ આપવામાં આવ્યા ન હતા. મુખ્યપ્રધાનો દ્વારા પણ હાઈ કમાન્ડને એવા સુચન કર્યા હતા કે તેઓ એકલા હાથે જીત મેળવી શકે છે. ઝારખંડમાં આજસુ સાથે ગઠબંધન તોડી નાંખવા માટે કેટલાક નેતા પૂર્વ મુખ્યપ્રધાન રઘુવર દાસને જવાબદાર ગણે છે. જ્યારે મહારાષ્ટ્રમાં શિવ સેના સાથે તકરારમાં મોટી ભૂમિકા પૂર્વ મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડનવીસની રહી હતી. ઉત્તરપ્રદેશ, આસામ અને ઉત્તરાખંડના મુખ્યપ્રધાનોની સામે સતત ફરિયાદો આવી રહી છે. યુપીમાં તો મુખ્યપ્રધાન યોગીની સામે જ ભાજપના ધારાસભ્યો દાવા ઠોકી રહ્યા છે. યોગીની સામે પાર્ટીના ધારાસભ્યો નારાજ દેખાઈ રહ્યા છે. આસામમાં પણ આવી જ સ્થિતી જોવા મળી રહી છે. મુખ્યપ્રધાન સોનોવાલથી કેટલાક સભ્યો નાખુશ છે.

### મનના ઉમંગો

● ચોથા પાનાનું ચાલુ

દર્શન કર્યા બાદ પાછા વળતાં મંદિરની પાછળ એક મોટી દુકાન જોવા મળી. એમાં મંદિર આસપાસ વેચાતી હોય તેવી માળાઓ અને બીજી વસ્તુઓ વેચાતી હતી. એક ખૂણામાં ધાર્મિક પુસ્તકો મળતાં હતાં ત્યાંથી એક નાનકડી પુસ્તિકા ખરીદી, તેમાં કન્યાકુમારી, મીનાક્ષીમાતા અને રામેશ્વર મંદિરની વાર્તા અને ફોટાઓ આપેલા છે. પણ કઠણાઈ એટલી કે આજે એ પુસ્તિકા બહુ ખોળી પણ ના મળી. જો મળી હોત તો હું આપને ઘણી વિગતે વાત કરી શકયો હોત.

દરવાજામાંથી બહાર નીકળતાં હું લાલ માટી અને ચોખાના કણ જેવી રેતી જોવા ઝડપભેર દરિયાની દિશામાં ગયો. ત્યાંથી ઘૂઘવતો સાગર જોયો. પાણી વચ્ચે ડોકું કાઢીને ઉભેલા ખડકો જોયા. એને અથડાઈને ઊછળતાં મોંજાં જોયાં.અને હા, લાલ માટી અને શ્વેત રેતીના કણ પણ નિહાળ્યા.

બહાર મસ્ત બજાર ખુલી ગયું હતું. મધુભાઈ, ભરતભાઈ અને રમેશભાઈ આજુબાજુની દુકાનો જોતાં ઊભા હતા. રામેશ્વરમમાં મળતા હતા એવા બુશશર્ટ અહીં પણ મળતા હતા. બધાને દેખાય તેવી રીતે હારબંધ હેંગરોમાં ભરાવીને રાખેલા હતા. એક નાનકડી દુકાનમાં લાકડામાંથી બનાવેલા રમકડાંઓ વેચાતાં હતાં. સુંદર રમકડાં હતાં, અમે અંદર પ્રવેશ્યા. મેં એક લાકડાનો કાંસકો ખરીદ્યો. પાઈનેપલના કટકા વેચાતા હતા. અમે એકએક ડીશ ખાધાં. મનને ધરવ ના થયો. બીજી બે ડીશ લઈ ખાધાં. મીઠાં હતાં એટલે મઝા પડી ગઈ. એમ કરતાં ફરી પેલા ત્રિભેટે આવી પહોંચ્યા. જે લોકો મંદિરમાં નહોતાં આવ્યાં અને જેઓ દર્શન કરીને વહેલાં આવી ગયાં હતાં એ બધાં ત્યાં ઊભાં હતાં. બાજુમાં જ મસાલાઓની દુકાન હતી. બહેનો મસાલા લેવા તૂટી પડી હતી. દુકાનવાળો અને તેની સાથેનો છોકરો હિંદી જાણતો ન હતો. પણ એક બહેન ભાંગ્યુંતૂટ્યું હિંદી જાણતી હતી. એ બધાને બહુ મીઠાશથી, અજબ કહેવાય એવી સેલ્સમેન શીપથી અને ભારે સ્ફુર્તિથી વસ્તુઓ બતાવતી હતી અને વેચતી હતી. તમારા મુખમાંથી જેવું કોઈ વસ્તુનું નામ પડે કે તરત એ વસ્તુ સામે ધરી દેતી હતી. દુકાનવાળો પૈસા લેવા આપવાનું કામ કરતો હતો. લવિંગ અને મરી અહીં ઘણાં સસ્તાં છે એવું સોનીભાઈ કહેતા હતા. બધાએ ધરાઈને ખરીદી કરી.

ત્રિભેટે એક ચાનો ગલ્લો હતો. અમે ચાનો ઓર્ડર આપીએ તે પહેલાં અમારી ગાડી અમને તેડવા આવી ગઈ. અમારે બપોરનું જમવાનું પતાવી ત્રિવેંદ્રમ પદ્મનાભ ભગવાનના દર્શને જવાનું હતું.